
# શ્રી આનંદ કલ્યાણ

વિ.સ. ૨૦૭૫, વૈશાખ વદ-૬ (બીજી) • તા. ૨૫ મે, ૨૦૧૯ • અંક : ૧૩

13



**શેઠ આણંદજી કલ્યાણજી**

“સહુને આનંદ સહુનું કલ્યાણ”

**અમદાવાદ**

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

# શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

ના ઉપલક્ષમાં

## ૫૦૦મી સાલગીરી પ્રસંગ

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬ સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

## શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

દ્વારા પ્રસ્તુત લાભ લેવાનો સુવર્ણ અવસર એટલે....

## "સુવર્ણ મહોત્સવ અવસરે આયોજિત સર્વ સાધારણ ફંડ"

૧૫ વર્ષ પછી આવનારા
સુવર્ણ મહોત્સવમાં આપણો લાભ કેમ ન હોય ?

બસ ! આજથી ફકત ૧ રૂપિયો પ્રતિદિન
૧ વર્ષ ના રૂા. ૩૬૦, ૧૫ વર્ષના રૂા. ૫૪૦૦.

'શેઠ આણંદજી કલ્યાણજી' નામનો એકાઉન્ટપેયી ચેક / રોકડ, ભારતની કોઈપણ એચ.ડી.એફ.સી. બેંકની શાખામાં સેવિંગ્સ એકાઉન્ટ નં. 50100185224400 માં ભરી શકાશે. ચેક ભર્યાની પે-ઈન- સ્લીપ પેઢીના અમદાવાદના સરનામે આપના નામ, સરનામા, મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ સહિત વિગતે ફોર્મ ભરી મોકલી આપી દાનની રસીદ અવશ્ય મેળવવી.

આ માટેના ફોર્મ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત બધાજ તીર્થોમાં ઉપલબ્ધ છે. તેમજ www.anandjikalyanjipedhi.org વેબસાઈટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.



શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું મુખપત્ર

(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)

# શ્રી આનંદ કલ્યાણ

સળંગ અંક : ૧૩ મૂલ્ય : રૂા. ૨૦ વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦

તરણ તારણ પ્રભુનું પ્રગટીકરણ....

અજવાળે અમ અંતઃકરણ....

## વૈશાખ વદ-૬ (બીજી) શનિવાર તા. ૨૫-૦૫-૨૦૧૯ ના મંગલ દિવસે સવારે મંગલ મુહૂર્તે

*શ્રી શત્રુંજય તીર્થાધિપતિ શ્રી આદીશ્વરદાદાની ૪૮૮મી સાલગીરી પ્રસંગે આપના આગમનને આવકારતા અમારા હૃદય હર્ષથી ગદ્‌ગદ્ થઈ રહ્યાં છે.*

*સંસારના સર્જન માટે તો અનેક આમંત્રણ લખ્યા છે. પણ આ આમંત્રણ પાઠવતા સકળ જીવરાશિના અનંત ભવભ્રમણ મટી જાય એવી મંગળ ભાવના વ્યક્ત કરીએ છીએ.*

*સુવર્ણ અક્ષરથી અંકિત થનારા આ અવસરના સાક્ષી બનવા આપશ્રી સહપરિવાર ઉપસ્થિત રહી દાદાની સાલગીરી શોભાવશોજી.*

: પ્રકાશક :

શેઠ આણંદજી કલ્યાણજી

"સહુને આનંદ સહુનું કલ્યાણ"

શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

'શ્રી આનંદ કલ્યાણ' (ત્રિમાસિક પત્ર)

વર્ષ-૫ સળંગ અંક : ૧૩

પ્રકાશન

વિ.સં. ૨૦૭૫, વૈશાખ વદ-૬(બીજી), તા. : ૨૫-૦૫-૨૦૧૯, શનિવાર

પ્રકાશક :

હર્ષદભાઈ મહેતા (જનરલ મેનેજર)

શેઠ આણંદજી કલ્યાણજી, શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦

E–mail : shree_sangh@yahoo.com

Website : www.shethanandjikalyanjipedhi.org

મુદ્રક : નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ) મો. : ૯૮૨૫૨ ૬૧૧૭૭

# દાદાના શિખરે ધ્વજારોહણ

*વિ.સં.૨૦૭૫, વૈશાખ વદ-૬(બીજી), શનિવાર, તા. ૨૫.૫.૧૯ના દિવસે સવારે મંગળમૂહુર્તે શ્રી શત્રુંજયમહાતીર્થ શણગાર શ્રી આદિનાથદાદાના મુખ્ય જિનાલયના શિખર ઉપર પ્રતિષ્ઠા વર્ષગાંઠ-સાલગીરી નિમિત્તે ધ્વજારોહણ થશે.*

*: લાભાર્થી પરિવાર :*

**શ્રી પારેખ ધુડીબેન ટીલચંદભાઈ પરિવાર : મુંબઈ**

*આપ સહુને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.*

નંબર : ..................

**શેઠ આણંદજી કલ્યાણજી, પાલીતાણા**
**પૂજ્ય દાદાની ઉત્કૃષ્ટ આંગીની તિથિ મળવા માટેનો વિનંતી પત્ર**

તા. / /૨૦

**આંગી**

વિષય:- ........................માસ માટે આંગીની તિથિ ફાળવવા બાબત.

વિનંતી કે અમારે સં. ૨૦૭....ના ..................માસમાં શ્રી પવિત્ર શત્રુંજય ગિરિરાજ પાલીતાણામાં પૂજ્ય દાદાજીની તથા પુંડરીકસ્વામીની સોનાના વરખની ઉત્કૃષ્ટ આંગી રચાવવાની ભાવના છે, તો નીચે જણાવેલ તિથિ અથવા કોઈપણ તિથિ ફાળવી આપવા વિનંતી.

ઉત્કૃષ્ટ આંગી રચાવવાનો જે ખર્ચ આવશે તે અમો આપના તરફથી ફાળવણીની જાણ કરવામાં આવ્યેથી તુરત જ જમા કરાવીશું.

તિથિ ફાળવણીનો દિવસ/તારીખ ......................તે ફાળવી શકાય તેમ ન હોય તો કોઈપણ તિથિ.

બોર્ડ ઉપરજે ભાગ્યશાળીના નામે ઉત્કૃષ્ટ આંગી રચાવવાની હોય તેનું પુરેપુરુ નામ.

..............................................................................................

વિનંતીપત્ર મોકલનારનું પુરેપુરૂનામ :- પિતા/પતિનું નામ અટક

..............................................................................................

પત્ર મોકલવાનું પુરેપુરૂં સરનામું : ................................ .........

..... ...................................................................

.......................................પીન કોડ નં : ............ ...

ટેલીફોન નં. (રહેઠાણ)..................મોબાઈલ નં. :-................

સહી....................

ખાસ નોંધ:(૧) પૂજ્ય દાદાજીની આંગી માટે આપને ચીઠ્ઠી ઉપાડતાં લાભ મળેલ હશે તો રજી. એડીથી જ જાણ કરવામાં આવશે. જો રજી. એડીપત્ર પરત આવશે તો આપને તે લાભ મળવા પાત્ર રહેશે નહી તેની જાણ થવા વિનંતી.

(૨) એક જ કુટુંબના અથવા તો એક જ ગ્રુપ-મંડળના જુદા જુદા ભાગ્યશાળીઓના નામથી વિનંતીપત્રો મોકલવામાં આવે છે તેના બદલે ફક્ત એકજ ભાગ્યશાળીના નામથી એક જ વિનંતી પત્ર મોકલવો.

(૩) નકરાની રકમ ફક્ત ચેકથી જ સ્વીકારવામાં આવશે.

(૪) આપને આંગીનો લાભ મળેલ હોય તો અસલ પત્ર તથા નકરો ભર્યાની અસલ પહોંચ સાથે રાખવા વિનંતી છે.

**ફોર્મ ભરીને મોકલવાનું સરનામું :-**

**શેઠ આણંદજી કલ્યાણજી, શ્રી રજની શાંતિ માર્ગ, પાલીતાણા - ૩૬૪૨૭૦**

ફોનઃ- (૦૨૮૪૮) ૨૫૨૧૪૮ ફૅક્સઃ- ૦૨૮૪૮-૨૪૩૩૪૮

સમય સવારે ૯ થી ૧૨ /બપોરે ૨ થી ૬

**શેઠ આણંદજી કલ્યાણજી, ૨૫ વસંતકુંજ, પો.બો.નં. ૧૨૦૧૦, નવા શારદા મંદિરરોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭**

ફોન નં. (૦૭૯) ૨૬૬૪૪૫૦૨, ૨૬૬૪૫૪૩૦

સમય સવારે ૧૦-૩૦ થી ૧-૩૦ કલાકે, બપોરે ૨-૦૦ થી ૩-૩૦ સુધી

શ્રી શત્રુંજય ગિરિરાજ-આદીશ્વરદાદાની પ્રતિષ્ઠાની ૪૮૮મી સાલગીરી (વિ.સં.૨૦૭૫ વૈશાખ વદ-બીજી છઠ્ઠ શનિવાર તા. ૨૫-૫-૨૦૧૯)નો દિવસ સકળ શ્રી સંઘના માટે મંગલકારી બનો.

## ભાતા તિથિ મળવા બાબત વિનંતી પત્ર

સ્થળ :-

તા. / /૨૦

પ્રતિ,

શેઠ આણંદજી કલ્યાણજી(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ)

શ્રી રજની શાંતિ માર્ગ,

પાલીતાણા- ૩૬૪૨૭૦

વિષય :- ............માસ માટે ભાતા તિથિ ફાળવવા બાબત.

વિનંતી કે અમારે સંવત ૨૦૭... ના............માસમાં પાલીતાણા શ્રી શાશ્વતા પવિત્ર શત્રુંજય ગિરિરાજની પરમ પાવન જયતળેટીએ શેઠશ્રી જનકભાઈ.નરોત્તમભાઈ શાહ ભાતાગૃહે નીચે જણાવેલ નામે ભાતું આપવાની ભાવના છે તો તે માસની નીચે જણાવેલ તિથિ અથવા કોઈપણ તિથિ ફાળવી આપવા વિનંતી છે. આપના તરફથી ભાતા તિથિની ફાળવણી તથા ભાતાનો થનાર અંદાજીત ખર્ચ અંગેની અમોને જાણ કરવામાં આવ્યેથી તે રકમ અમે આપે જણાવેલ તારીખ સુધીમાં જમા કરાવીશું. અને તેની જાણ પાલીતાણા પેઢીને કરીશું. આપે જણાવેલ તારીખ સુધીમાં અમો રકમ જમા ન કરાવીએ તો ભાતા તિથિની ફાળવણી આપોઆપ રદ થયેલી ગણાશે જે અમે સ્વીકારીએ છીએ.

તિથિ ફાળવણીનો દિવસ ...............................તે ફાળવી શકાય તેમ ન હોય તો કોઈપણ તિથિ.

ભાતુ જે ભાગ્યશાળીના નામે આપવાનું છે તેમનું

પુરેપુરૂ નામ : પિતા/પતિનું નામ અટક ગામ/શહેર

.....................................................................................

વિનંતીપત્ર મોકલવાનું પુરેપુરૂ નામઃ પિતા/પતિનું નામ અટક

.....................................................................................

સરનામું :-

.....................................................................................

.....................................................................................

.....................................................................................

ગામઃ .................. રાજ્ય :............. પીનકોડ નં. ...........

ટેલીફોન નં. (રહેઠાણ).................... મો. .....................

૧. શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ સંચાલિત છાપરીયાળી પાંજરાપોળમાં રહેલ મુંગા અને અશક્ત પશુઓને ઘાસચારો, દવા વિ. અર્થે આપને ઉદાર હાથે લાભ લેવા વિનંતી છે.

૨. આપનો ડ્રો માં નંબર લાગશે તો રકમ ચેક દ્વારા જ સ્વીકારવામાં આવશે. તે વખતે રહેઠાણના પુરાવાની ઝેરોક્ષ નકલ આપવાની રહેશે.

૩. ડ્રો માં જે ભાગ્યશાળીનું નામ લાગેલ હશે તેમાં તેઓએ ફોર્મમાં બોર્ડ ઉપર જે નામ લખવા જણાવેલ હશે તેજ નામ લખાશે. પાછળથી કોઈ ફેરફાર થઈ શકશે નહી.

નામ/સહી.................

ખાસ નોંધ :- એક જ કુટુંબના અથવા તો એક જ ગ્રુપ મંડળના જુદા જુદા ભાગ્યશાળીઓના નામથી વિનંતીપત્ર મોકલવામાં આવે છે તેના બદલે ફક્ત એક જ ભાગ્યશાળીના નામની એક જ વિનંતી પત્ર મોકલવો.

ફોર્મ નં. /फोम नं.

ફોટો/फोटो

શેઠ આણંદજી કલ્યાણજી - પાલીતાણા - ૩૬૪૨૭૦

शेठ आणंदजी कल्याणजी - पालीताणा - ३६४२७०

પાલીતાણામાં વરસીતપનાં પારણાં કરનાર તપસ્વીની વિગત

पालीताणा में वरसीतप के पारणा करनेवाले तपस्वी की माहिती

૧. તપસ્વીનું પુરેપુરૂનામ :- ..........................................

तपस्वी का पूरा नाम :- ..........................................

૨. સરનામું :- ..........................................

पता :- ..........................................

૩. ટેલિફોન નંબર/दूरभाष नंबर ..........................................

ઘર/घर ..........................................

ઓફિસ/ओफिस ..........................................

મોબાઈલ / मोबाईल ..........................................

૪. પાલીતાણામાં ઉતરેલ ધર્મશાળાનું નામ ..........................................

નામ તથા રૂમ નંબર ..........................................

पालीताणा में जहां ठहरे है, वह धर्मशाला का नाम ..........................................

नाम एवं रुम नंबर :- ..........................................

..........................................

૫. અસાધારણ સંજોગોમાં સંપર્ક કરવા માટેનું નામ, ..................
સરનામું તથા ટેલિફોન નંબર :- ................................
असाधारण संजोगों में संपर्क करने के लिए : ..............................

૬. પારણાભવનમાં પારણાં કરવાના છે કે કેમ ? ......................
पारणा भवन में पारणा करने वाले है या नही ? ......................

તપસ્વીની સહી/तपस्वी के दस्तखत

અથવા અંગુઠાનું નિશાન/या अंगूठे का निशान

શાશ્વત ગિરિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થના સાંનિધ્યમાં પાલીતાણા ખાતે

## વર્ષીતપના પારણા

મંગલ દિવસ, વૈશાખ સુદ ૩, મંગળવાર ૭-૫-૨૦૧૯
આ વરસે મહામંગલકારી શ્રી આદીશ્વર ભગવાનના દીક્ષાતપના
પ્રતીકરુપે સકળ સંઘમાં કરાતા વર્ષીતપના તપસ્વીઓને પારણા
કરાવવાનો લાભ

### શ્રી રુગનાથમલજી સમરથમલજી દોશી પરિવાર

દ્વારા લેવામાં આવ્યો છે.

॥ નમો આદિ જિનેશ્વરમ્ ॥

# શેઠ આણંદજી કલ્યાણજી

"શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન",
૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી અમદાવાદ - ૩૮૦૦૦૭
ફોન નં. ૨૬૬૦૮૨૪૪-૫૫, ૨૬૬૦૪૮૨૭, ૨૬૬૪૪૫૦૨, ૨૬૬૪૫૩૦
Email : shree_sangh@yahoo.com

## ગિરિરાજ સેવા કરણ તત્પર નમો આદિ જિનેશ્વરમ્

પરમ તારક તિર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થની સેવાનો અપૂર્વ અવસર
તીર્થ સેવાના મનોરથી માટે અરજીપત્રક

નામ : .......................................... ઉંમર .........

સરનામું ..........................................................

.....................................................................

ફોન નં. (ઓ). .........(ઘર) ..............(મો)...............

ઈ-મેઈલ : ...........................................................

શૈક્ષણિક લાયકાત : ..................પરિણીત/અપરિણીત ..........

વ્યવસાયની વિગત : ..................................................

સ્થાનીક સંઘના સભ્ય હોય તે સંઘનું નામ : ...........................

ગત વર્ષ ગિરિરાજ સેવામાં આપ જોડાયેલ હતા ? ......................

(૧) સ્થાનિક સંઘમાં કોઈપણ ગ્રુપ મંડળ કે સંસ્થામાં જોડાયા હોય તો તેનું નામ તથા આપનો તે સંસ્થામાં હોદ્દો..........................................

.....................................................................

ગિરિરાજ સેવા બાબતેના નિયમોની મને સંપૂર્ણ જાણકારી છે અને હું સેવા કાળ દરમિયાન શાસનને, તીર્થને અને તીર્થની વહીવટદાર પેઢીને સંપૂર્ણ વફાદાર રહીશ.

નામ :-

સહી:-

તારીખ :-

આ ફોર્મ ભરીને પેઢીની અમદાવાદ ઓફીસ ઉપર પહોંચતુ કરવાનું રહેશે.

સૂચના :-

(૧). સેવાર્થી સ્વયંસેવકે તેમને આપવામાં આવેલ સેવાની તારીખના આગલા દિવસે સાંજના ૫-૦૦ કલાક સુધીમાં પાલીતાણા પેઢીના તળેટી પાસે આવેલ ઓડીયો વિઝ્યુઅલ સેન્ટર-માહિતી કેન્દ્ર પાસે, તળેટી રોડ, પારણા ભવનમાં આવી જવાનું રહેશે.

(૨). સેવા માટે જે સ્થાન નિયત થાય તે સ્થાન પર સંપૂર્ણ ૩ દિવસ સેવા આપવાની રહેશે.

(૩). આવવા જવાનો સંપૂર્ણ ખર્ચ સ્વયં ભોગવવાનો રહેશે. રહેવા તથા જમવાની વ્યવસ્થા આપવામાં આવશે.

(૪). જો આપને ગ્રુપમાં ફોર્મ ભરવું હોય અને સેવા કરવા પધારવું હોય તો ઉપરોક્ત ફોર્મ મુખ્ય ગ્રુપ લીડરનું ભરવું અને બાકીના સભ્યોના પણ ફોર્મ ભરીને મોકલવા.

**ચાલુ વરસે ફેબ્રુઆરી-૨૦૧૯ સુધીમાં**
**શ્રી શત્રુંજય મહાતીર્થના પાવનકારી સાનિધ્યમાં**

- ૪૫ છ'રી પાલિત સંઘો પધાર્યા હતા.
- ૧૬ જેટલી નવ્વાણુ યાત્રાના આયોજન થયા હતા.
- ૫ સ્થળોએ ઉપધાન તપની આરાધનાનું વિશિષ્ટ આયોજન થયું હતું.

## ॥ ગિરિરાજ સેવા કરણ તત્પર નમો આદિ જિનેશ્વરમ્ ॥

સાદર પ્રણામ,

તીર્થાધિરાજ શત્રુંજય તીર્થની સેવા કરવાનો ભાવ કોને ન હોય ? જે ગિરિરાજ ઉપરથી અનંતા આત્માઓ સિદ્ધ પદને પામ્યા હોય, જેના કણ કણમાં સિધ્ધ આત્માઓના પરમાણુઓ વ્યાપ્ત હોય તેવા ગિરિરાજ પ્રત્યે કોના દિલમાં ભાવ ન હોય ?

તો આવો, આ સેવાનો લાભ લેવા શેઠ આણંદજી કલ્યાણજી આપને આવકારે છે.

વેપાર,કારોબાર, નોકરી તેમજ અન્ય કાર્યોમાં વ્યસ્ત જીવનમાં ભાવ હોય તો પણ કેટલો સમય આપણાથી ફાળવી શકાય સેવા માટે ? તો જવાબ છે, ફક્ત ૩ દિવસ એક વર્ષમાં.

હાલમાં સમગ્ર ગિરિરાજની વ્યવસ્થા, સંચાલન શેઠ આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા થાય છે. આપણે યાત્રાએ આવીએ છીએ અને દાદાની સેવાપૂજા, પક્ષાલ કરી ઉત્સાહથી ચૈત્યવંદન આદિ વિધિઓ પૂર્ણ કરી સ્વસ્થાને પાછા જઈએ છીએ.

ગિરિરાજની સેવામાં આપણો થોડો હિસ્સો ભળે તે હેતુથી નીચેના મહત્વના સ્થાનો પર આપણા સેવાભાવી - ઉત્સાહી અને ધર્માનુરાગી યુવાન ભાઈઓની સેવાનો સાથ લેવાનું આયોજન વિચારેલ છે.

આ સ્થાને આપણે ફરજ બજાવીશું :-

(૧) શ્રી દાદાનો ગર્ભદ્વાર -૧ સ્વયં સેવક

(૨) શ્રી દાદાનો રંગમંડપ -૧ સ્વયં સેવક

(૩) શ્રી દાદાની ટૂંકનો પરિસર -૪ સ્વયં સેવક

(૪) શ્રી વિમલ વસહી -૪ સ્વયં સેવક

શ્રી શાંતિનાથ ભગવાનના દેરાસરથી શ્રી કુમારપાળના દેરાસર સુધીના પગથીયાની બંને બાજુના જિનાલયો

(૫) ગિરિરાજ ઈન્સ્પેક્ટર ઓફીસ -૨ સ્વયં સેવક

(૬) શ્રી બાલાભાઈની ટૂંક -૨ સ્વયં સેવક

(૭) શ્રી મોદીની ટૂંક -૨ સ્વયં સેવક

(૮) શ્રી હેમાભાઈની ટૂંક -૨ સ્વયં સેવક

(૯) શ્રી ઉજમફઈની ટૂંક -૨ સ્વયં સેવક

(૧૦) શ્રી સાકરશાહની ટૂંક -૨ સ્વયં સેવક

(૧૧) શ્રી છીપાવસહીની ટૂંક -૪ સ્વયં સેવક

(૧૨) શ્રી સવા સોમાની ટૂંક
(ખરતરવસહી-ચૌમુખજીની ટૂંક)

(૧૩) શ્રી નરશી કેશવજીની ટૂંક અને બહારનો પરિસર -૨ સ્વયં સેવક

(૧૪) અન્ય જરૂરિયાત -૨ સ્વયં સેવક

...............

કુલ ૩૦ સ્વયં સેવક

આ પ્રમાણે ઉપરોક્ત ૧૪ સ્થાનો પર નિત્યક્રમથી આપણા સ્વયંસેવકોની હાજરી ગોઠવાય એ હેતુથી આયોજન કરેલ છે. આપણું કાર્ય તો જે તે કાર્યની દેખરેખ, આશાતનાનું નિવારણ અને સ્વયં પ્રભુ પૂજાનો લાભ તો આપને ખ્યાલ તો આવી જ ગયા હશે કે કેવીરીતે ગોઠવાશે આ વ્યવસ્થા તંત્ર. તો જુઓઃ-

(૧). આ સેવાનો લાભ લેવા વર્ષ દરમ્યાન એક વખત સળંગ ૩ દિવસ આપે ફાળવવાના રહેશે.

(૨). ક્યા ૩ દિવસ તમારે સેવા આપવાની છે તેની ફાળવણી પેઢી દ્વારા પેઢી પાસે આવેલી તમામ અરજીઓના ડ્રો દ્વારા કરવામાં આવશે અને તે જ પ્રમાણે તમારે એ જ દિવસો દરમ્યાન ફરજીયાત સેવા આપવાની રહેશે.

(૩). કારતક સુદ-૧૫થી અષાઢ સુદ-૧૪ એટલે કે ૮ માસ દરમ્યાનમાં આપણે ફાળે આવતા ૩ દિવસ સળંગ પાલીતાણામાં રોકાવાનું રહેશે. અને પેઢીની સૂચના પ્રમાણે કાર્ય કરવાનું રહેશે.

(૪). પાલીતાણા આવવા તથા જવાની વ્યવસ્થા જાતે અને સ્વ-ખર્ચે કરવાની રહેશે પેઢી તરફથી રહેવા તથા જમવાની વ્યવસ્થા આપવામાં આવશે.

(૫). આપના ફાળે આવેલ સેવાની તારીખના આગલા દિવસે બપોરના ૫-૦૦ કલાક સુધીમાં સ્વયંસેવકોએ (પોતાના સ્વ-ખર્ચે) પાલીતાણાના કેન્દ્ર પર પહોંચવાનું રહેશે.

(૬). પાલીતાણા કેન્દ્ર પર શરૂ થતી તિથિ/તારીખના આગલા દિવસે એકઠા થયેલા સેવકોના ગ્રુપને પેઢી દ્વારા ૧ કલાક સંપૂર્ણ માહિતી માર્ગદર્શન સહ સમજુતી આપવામાં આવશે. જેમા શું કામગીરી કરવાની છે અને કેવીરીતે સેવા આપવાની છે તે બાબતે બધી જ છણાવટ કરવામાં આવેશે.

(૭). સમજુતી અને માર્ગદર્શનનો સમય પૂર્ણ થયે દરેક સ્વયં સેવકે પોતાની જેમ જ "સેવાકુંભ" માંથી એક ચીઠ્ઠી ઉપાડવાની રહેશે અને તેમાં જે સ્થાન લખાયેલ હોય તે સ્થાન પર સતત ૩ દિવસ તેમા લખેલ ફરજના સમય પ્રમાણે સેવા આપવાની રહેશે.

(૮). ૩ દિવસ ફરજ બજાવ્યા પછી ત્રીજા દિવસે ફરજ પૂર્ણ થયે પરત થઈ શકાશે.

(૯). આ સેવાનો લાભ ફક્ત ૨૫ થી ૫૦ વર્ષના સશક્ત અને કોઈપણ શારીરીક ખોડખાંપણ ન ધરાવતા હોય તેવા ભાઈઓ જ લઈ શકશે.

(૧૦). તારીખમાં ફેરફારને અવકાશ રહેશે નહી.

(૧૧). તારીખની જાણ ૩ મહિના પહેલા કરી દેવામાં આવશે.

(૧૨). કોઈપણ જગ્યાએ સેવા આપવાથી એક સરખુ જ ફળ મળે છે.

(૧૩). સેવા કુંભમાંથી મેળવેલ ચીઠ્ઠી પ્રમાણેના સ્થાનની અદલી બદલી થઈ શકશે નહી.

(૧૪). આ યોજનાનું સંચાલન શેઠ આણંદજી કલ્યાણજી પેઢી પોતે જ કરે છે.

(૧૫). એક વર્ષનાં આયોજન માટે ૨૪૦૦ યુવાનોની જરૂરીયાત રહેશે તેનાથી વધુ અરજી આવી હશે તો તે ડ્રોમાં જેમનું નામ/નંબર આવશે તેમને જ સેવાનો લાભ મળશે. બાકીના ફોર્મ કેન્સલ ગણાશે.

(૧૬). આ યોજના શેઠ આણંદજી કલ્યાણજીએ તીર્થાધિરાજના સુદ્રઢ, સુચારૂ વહિવટ અને વ્યવસ્થા માટે આયોજન કરેલ છે તે આપ સહુના સાથે અને સહકારની જ સફળ થઈ શકે તો તે માટે સંપૂર્ણ સહકાર આપશો.

(૧૭). આ સાથે આપને મોકલેલ અરજી - પત્ર આપે ભરીને અમદાવાદ પેઢીના એડ્રેસ ઉપર મોકલી આપવાનું રહેશે.

(૧૮). અરજી પત્ર વ્યવસ્થિત અને સંપૂર્ણ માહિતિપૂર્વક સારા અક્ષરોમાં ભરીને મોકલવા વિનંતી.

ગિરિરાજની સેવાનાં અપૂર્વ લાભ માટે આવો, પધારો અને લાભ લો...

સંપૂર્ણ માહિતી વાંચ્યા પછી કદાચ આપ જોડાવા ઈચ્છતા ન હો તો ફોર્મ ભરવું જરૂરી નથી પરંતુ ફોર્મ ભર્યા પછી આપ સેવા આપવા બંધાયેલા છો.

ઉપરના દરેક નિયમોમાં સંજોગો અનુસાર ફેરફાર કરવાની સત્તા શેઠ આણંદજી કલ્યાણજીને અબાધિત રહેશે.

**નોંધ :-** વધુ સંખ્યામાં અરજી કરવી હોય તો સાથેના ફોર્મની ઝેરોક્ષ કરીને ભરીને મોકલી આપવાથી ચાલશે.

**જય જિનેન્દ્ર**

## શાશ્વતા મહાતીર્થ સિદ્ધગિરિરાજ ઉપર

## 'જિનાલય પૂજારી ખર્ચ સહયોગ યોજના' ૨૦૧૭ રૂા. ૫૧૦૦૦/-

*શેઠ આણંદજી કલ્યાણજી દ્વારા ઉપર્યોક્ત યોજના નીચે જણાવેલ શરતોને આધીન વૈશાખ વદ - ૯ - ૨૦૭૩ (તા. ૧૭-૫-૧૭)થી ચાલુ કરેલ છે.*

---

- *સદરહુ રકમ ગોઠી, પૂજારી વિગેરેના પગારમાં ચૂકવાશે. આ યોજના હેઠળ સ્વીકારવામાં આવતી રકમ રેવન્યુ આવક તરીકે ગણવામાં આવશે. વધારો હશે તો તે રકમ બીજા વર્ષે આગળ લઈ જવામાં આવશે.*
- *ઉપરોક્ત યોજનામાં લેનાર ભાગ્યશાળીઓને અન્ય કોઈ સુવિધા કે યોજનામાં લાભ મળશે નહી. દાન બિનંશરતી સ્વીકારવામાં આવશે.*
- *સદરહુ રકમ શેઠ આણંદજી કલ્યાણજીના નામનો ચેક/ડ્રાફટથી જ સ્વીકારવામાં આવશે.*

  *મા. સરકારશ્રીના આદેશ મુજન પાનકાર્ડની તથા એડ્રેસ પ્રૂફની ઝેરોક્ષ આપવી જરૂરી છે.*
- *યોજના અંગે ફેરફાર કે રકમ સ્વીકારવા કે ન સ્વીકારવાનો ટ્રસ્ટને અબાધિત અધિકાર રહેશે. શેઠ આણંદજી કલ્યાણજી લાભાર્થીને લાભ લેવા સહર્ષ નિમંત્રે છે.*

*લાભાર્થીની વિગત :-*

*નામ :-* ..........................................................

*સરનામું :-* ..........................................................

..........................................................

*ટે.નં./મો.નં. :-* ..........................................................

અમદાવાદ, પાલીતાણા શાખા તથા મુંબઈના નીચેના સ્થળોએ પણ રકમ ચેક/ડ્રાફ્ટથી સ્વીકારશે.

શેઠ આણંદજી કલ્યાણજી
૧૦૦૧-૧૦મે માળ,
મેજેસ્ટીક શોપીંગ સેન્ટર,
૧૪૪-જે. એસ.એસ. રોડ,
ગીરગામ ચર્ચ નજીક,
ગીરગામ, મુંબઈ-૪
ફોન નં. ૦૨૨-૨૩૮૦૮૦૪૮
સમય : સવારે ૧૧.૩૦ થી ૫.૩૦

"શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન"
૨૫, વસંતકુંજ, નવ શારદામંદિર રોડ
પાલડી, અમદાવાદ
ફોન નં. ૦૭૯- ૨૬૬૪૪૫૦૨
૨૬૬૪૫૪૩૦
સમય : સવારે ૧૦.૩૦ થી ૧.૩૦
બપોરે : ૨.૦૦ થી ૫.૩૦

## શ્રી શત્રુંજય મહાતીર્થની છ'ગાઉની યાત્રાનો લાભ

પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે ફાગણ સુદ-૧૩ તા. ૧૯-૩-૧૯ મંગળવારના દિવસે આયોજિત શ્રી સિદ્ધાચલ મહાતીર્થની છ'ગાઉની યાત્રાનું આયોજન ખૂબજ ભક્તિભાવ અને ઉલ્લાસ તથા ઉમંગના વાતાવરણમાં ચતુર્વિધ સંઘની હાજરી વચ્ચે થયું હતું. જેમાં-

- ૫૦ હજાર જેટલા યાત્રિકોએ ભક્તિભાવ પૂર્વક લીધો હતો.
- ૪૦ મહાનુભાવોએ સંઘપૂજનનો લાભ લીધો હતો.
- ૯૬ જેટલા પાલ દ્વારા યાત્રિક મહાનુભાવોની વિવિધ પ્રકારે સાધર્મિક ભક્તિ કરવામાં આવી હતી.

# સર્વસાધારણ ફંડની યોજના

શ્રી શત્રુંજય મહાતીર્થ ગિરિરાજ ઉપર તથા રાણકપુર, ગિરનારજી, તારંગાજી, કુંભારીયાજી જેવા આ તીર્થોમાં વિવિધ શિલ્પ અને બારીક કોતરણીથી વિભૂષિત દહેરાસરોનું નિર્માણ કરવા માટે આપણા પુણ્યવંતા પૂર્વજોએ લક્ષ્મીને પાણીની જેમ વાપરી છે.

આવા અનેક પ્રાચીન તીર્થો આ ભારતવર્ષની ભૂમિ ઉપર છે. આવા ૮ તીર્થો (શ્રી શત્રુંજય મહાતીર્થ ગિરિરાજ, ગિરનારજી, રાણકપુર, મૂછાળા મહાવીર, તારંગાજી, કુંભારીયાજી, શેરીસા તથા વામજ)નો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની ટ્રસ્ટના હસ્તક છે. મહાન પુણ્યોદય હોય તો જ આ મહાન તીર્થ ભૂમિઓમાં સંપત્તિનો સદ્ ઉપયોગ કરવાનો અવસર મળે છે.

તીર્થસ્થળમાં વર્ષોવર્ષ યાત્રિકોની સંખ્યા વધતી ગઈ છે. આ પવિત્ર સ્થળોની જાળવણી સાથે યાત્રિકોની સગવડો સાચવવાના અને વધારવા માટેના પેઢીના પ્રયાસો ચાલુ છે. પરંતુ આ પ્રકારના કામો કરવામાં ટ્રસ્ટને સાધારણની રકમની ભારે ખેંચ રહી છે. સર્વ સાધારણની ચાલુ આવકો સામે ખર્ચ વધતા ગયા છે. આવી પરિસ્થિતિમાં તીર્થસ્થાનોમાં સત્કાર્યો કરવામાં પેઢીને ઘણી જ મુશ્કેલીઓ નડે છે અને ઘણીવાર સમયસર કામો નહિ થતા પેઢીને વિકટ પરિસ્થિતિમાં મૂકાવું પડે છે. આ સમયને હલ કરવા સર્વસાધારણના ભંડોળ માટેની યોજના તૈયાર કરવામાં આવેલ છે. આ યોજનાની વિગતવાર માહિતી અત્રે આપવામાં આવી છે.

આ યોજનામાં દાન આપનાર ભાગ્યશાળી દાનવીરનું નામ શાશ્વત તીર્થ શ્રી પવિત્ર શત્રુંજય ગિરિરાજ ઉપર સગાળપોળના પ્રવેશદ્વાર સામે પેઢીના કાર્યાલયની બાજુમાં બંસીપહાડપુર પત્થરમાં સુશોભીત ગ્રેનાઈડની તક્તીમાં સુવર્ણ અક્ષરમાં લખવામાં આવશે. તક્તીના સ્થાનનો ખ્યાલ આવે તેમજ દાન આપનાર ભાગ્યશાળીનું નામ જે રીતે લખવામાં આવશે તે જોવા માટે તેની કોમ્પ્યુટર ઈમેજ આપવામાં આવશે

સર્વસાધારણ યોજનામાં લાભ લેનાર, ભાગ્યશાળી દાતાશ્રીના નામનો આ યોજનાની તક્તીમાં નીચે મુજબ બે લાઈનમાં સમાવેશ કરવામાં આવશે.

(૧). પ્રમુખ લાભાર્થી :- રૂા એક કરોડ આઠ લાખથી વધુ દાન આપનારનું નામ તક્તીમાં સહુથી ઉપર ૨" ના કુલ ૬૦ અક્ષરોની મર્યાદામાં વધુમાં વધુ બે લાઈનમાં આવશે.

(૨). મુખ્ય લાભાર્થી :- રૂા. એકાવન લાખનું દાન આપનારનું નામ ત્યારબાદ તક્તીમાં ૧.૫"ના કુલ ૬૦ અક્ષરોની મર્યાદામાં વધુમાં વધુ ૨ (બે) લાઈનમાં લખવામાં આવશે.

(૩). સહયોગી લાભાર્થી :- રૂા. એકવીસ લાખનું દાન આપનારનું નામ ત્યારબાદ તક્તીમાં ૧"ના કુલ ૬૦ અક્ષરોની મર્યાદામાં વધુમાં વધુ બે લાઈનમાં લખવામાં આવશે.

મૂડીના વ્યાજમાંથી નીચે જણાવેલ આઠેય તીર્થો અને દહેરાસરોના સંકુલના સર્વ સાધારણ કાર્યોમાં વહીવટ માટે આ રકમ વપરાશે તેથી દાતાને સાતેય તીર્થોના સાધારણ કાર્યોમાં લાભ મળશે. આ યોજનામાં લાભ લેનાર લાભાર્થીનું નામ શાશ્વતા પવિત્ર શત્રુંજય ગિરિરાજ ઉપર તક્તીમાં સુવર્ણ અક્ષરે લખાશે.

શેઠ આણંદજી કલ્યાણજી સંચાલિત શાશ્વત તીર્થ શત્રુંજય ગિરિરાજ, ગીરનારજી, રાણકપુર, કુંભારીયાજી, તારંગાજી, શેરીસા, વામજ તેમજ મક્ષીજી તીર્થોના સર્વસાધારણ કાર્યોમાં લાભ લેવા ધર્મપ્રેમી અને દાનવીર માટે આ એક અમૂલ્ય સોનેરી અવસર છે.

## શેઠ આણંદજી કલ્યાણજી

### પાલીતાણા તીર્થમાં દાનની યોજનાઓ

| ક્રમ | યોજનાની વિગત | કાયમી મૂડી રૂા. | તક્તીની વિગત |
|---|---|---|---|
| ૧. | સર્વ સાધારણ ૨" ના અક્ષર<br>૧.૫"ના અક્ષર<br>૧" ના અક્ષર | ૧,૦૮,૦૦,૦૦૦<br>૫૧,૦૦,૦૦૦<br>૨૧,૦૦,૦૦૦ | ગિરિરાજ ઉપર સગાળકુંડ આગળ તક્તીમાં નામ. ૬૦ અક્ષરની મર્યાદા. પ્રમુખ લાભાર્થી, મુખ્ય લાભાર્થી, સહયોગી લાભાર્થી, મૂડી કોર્પસ ખાતે જમા રાખી વ્યાજ વાપરવામાં આવશે. આ વ્યાજ પેઢી હસ્તક તમામ તીર્થોમાં વાપરવામાં આવશે. |
| ૨. | દેરાસર સાધારણ -૨૦૦૯ | ૧,૧૧,૧૧૧ | ગિરિરાજ પર સગાળપોળ દરવાજાની બહારની ડાબી બાજુ દિવાલ પર આરસની તક્તીમાં નામ તથા ઉપદેશક તરીકે મ.સા.નું નામ ૪૧ અક્ષરની મર્યાદામાં લખાય છે. મૂડી કોર્પસ ખાતે જમા રાખી વ્યાજ વાપરવામાં આવશે. |
| ૩. | વર્ષીતપના પારણાભવનના બીમ ઉપર નામ | ૫૦,૦૦૧ | ૬' X ૧'ની તક્તીમાં ૬૦ અક્ષરની મર્યાદા બ્લોક્ના એક બીમ ઉપર નામ આવશે. |
| ૪. | ફાગણ સુદ-૧૩ના રોજ ભાતું તથા તે દિવસનો અન્ય ખર્ચ | ૫૦,૦૦૦ | સિધ્ધવડ આદપુર ખાતે પેઢીના ભાતાના પાલમાં આરસની તક્તીમાં નામ લખાશે. મૂડી કોર્પસ ખાતે જમા રાખી વ્યાજ વાપરવામાં આવશે. |

| | | | |
|---|---|---|---|
| ૫. | પાંચ બંગલાની રૂમો (કુલ ૨૦ રૂમ-બે હોલ છે.) ૧૦ રૂમ નીચે<br>૧૦ રૂમ ઉપર<br>૧ હોલ નીચે<br>૧ હોલ ઉપર | ૩,૦૦,૦૦૦- રૂમ દીઠ<br>૨,૫૦,૦૦૦- રૂમ દીઠ<br>૧૧,૦૦,૦૦૦-<br>૯,૦૦,૦૦૦- | રૂમની બહાર ટ્રસ્ટ નક્કી કરે તે જગ્યાએ અને તે સાઈઝમાં નામ લખાશે.<br>પાંચ બંગલામાંથી બીજા અને ત્રીજા બંગલા માટે દાન આવી ગયેલ છે.<br>(કુલ ૧૨ રૂમ અને બે હોલ (બાકી)બંગલા નં.૧,૪,૫, માટે દાન સ્વીકારવામાં આવશે. |
| ૬. | ગામના મોટા દેરાસર, ગોડીજી દેરાસર અને જશકુંવર દેરાસરે મૂળનાયક ભગવાનને કાયમી આંગી | ૧૦૦૦- દેરાસર દીઠ | ખાલી હોય તે તિથિ (એક તિથિ માટે વધુમાં વધુ ૧૨ નામની નોંધણી કરવામાં આવે છે.) |
| ૭. | સર્વસાધારણ - ૨૦૧૪ | ૧,૧૧,૧૧૧- | ગિરિરાજ પર સગાળપોળ દરવાજાની બહારની જમણી બાજુની દિવાલ પર આરસની તક્તીમાં નામ તથા ઉપદેશક તરીકે મ.સા.નું નામ ૪૧ અક્ષરની મર્યાદામાં લખાય છે. મૂડી કોર્પસ ખાતે જમા રાખી વ્યાજ વાપરવામાં આવશે. |
| ૮. | પૂ. દાદાજીના દેરાસરની ૫૦૦મી વર્ષગાંઠ વૈશાખ વદ-૬ સં.૨૦૮૭ તા.૧૨.૫.૨૦૩૧ સોમવાર | ૫,૪૦૦- | |

નોંધ :- ઉપરોક્ત દાનની રકમ ચેકથી જ સ્વીકારવામાં આવશે. સાથે પાનકાર્ડની તથા આધારકાર્ડની નકલ આપવાની રહેશે.

# છાપરીયાળી પાંજરાપોળમાં જીવદયાની તીથીની યોજના

| | | |
|---|---|---|
| ૧. | રૂા. ૪૫૧૦૦૦/- | પશુઓને પીવા માટે પાણીના કુવા બાંધકામ માટે -કુવા ઉપર તક્તીમાં નામ લખાશે. |
| ૨. | રૂા. ૭૫૦૦૦/- | પશુઓને પીવાના પાણી માટે ચેકડેમ બાંધકામ માટે ચેકડેમ ઉપર તક્તીમાં નામ લખાશે. |
| ૩. | રૂા. ૫૦૦૦૦/- | પશુ સારવાર કેમ્પ માટે યોગ્ય જગ્યાએ તક્તીમાં નામ લખાશે. |
| ૪. | રૂા. ૩૫૦૦૦/- | પશુઓને પાણી પીવા અવેડા બાંધકામ માટે - અવેડા ઉપર તક્તીમાં નામ લખાશે. |
| ૫. | રૂા. ૧૦૦૦૦/- | કબૂતરની ચણ માટે કાયમી તિથિ - તિથિના દિવસે બોર્ડ ઉપર નામ લખાશે. |
| ૬. | રૂા. ૧૦૦૦૦/- | કૂતરાને રોટલા માટે કાયમી તિથિ - તિથિના દિવસે બોર્ડ ઉપર નામ લખાશે. |
| ૭. | રૂા. ૧૦૦૦૦/- | પશુઓની દવા સરવાર માટે - તિથિના દિવસે બોર્ડ ઉપર નામ લખાશે. |
| ૮. | રૂા. ૧૫૦૦૦/- | ઘાસચારો-ગોળ-લાપસી-ખાણદાણ માટે દાતાનું નામ-પાલીતાણા ભાતાઘરમાં વિશ્રામસ્થાનની દિવાલે તક્તીમાં નામ લખાશે. |
| ૯. | રૂા. ૭૫૦૦/- | પશુઓ માટે એક દિવસના ઘાસચારા માટે - તિથિના દિવસે પાલીતાણા ભાતાઘરમાં બોર્ડ પર નામ લખાશે (ચાર્તુમાસ સિવાય) |
| ૧૦. | રૂા. ૯૦૦૦/- | જીવદયા પ્રતિપાલક યોજના - એક વર્ષ માટે એક પશુને નિભાવવાનો સંપૂર્ણ ખર્ચ |

## ॥ श्री शत्रुंजय महातीर्थ कल्प ॥

सुअधम्मकित्तिअं तं, तित्थं देविंदवंदिअं थुणिमो ।
पाहुडए विज्जाणं, देसिअमिगवीस नामं जं ॥१॥

*શ્રુત સિદ્ધાંતમાં વર્ણવેલ, દેવેંદ્રોથી વંદાયેલા અને વિદ્યાપ્રાભૃત નામના પૂર્વમાં જેનાં ૨૧ નામો કહ્યાં છે તે (પવિત્ર) તીર્થરાજની અમે સ્તવના કરીએ છીએ. ૧.*

विमलगिरि मुत्तिनिलओ, सत्तुंज सिद्धखित्त पुंडरिओ ।
सिरि सिद्धसेहरो सिद्ध, पव्वओ सिद्धराओ अ ॥२॥

*૧ વિમલગિરિ, ૨ મુક્તિનિલય, ૩ શત્રુંજય, ૪ સિદ્ધક્ષેત્ર, ૫ પુંડરિકગિરિ, ૬ શ્રી સિદ્ધશેખર, ૭ શ્રી સિદ્ધગિરિ અને ૮ શ્રી સિદ્ધરાજ. ૨*

बाहुबली मरुदेवो, भगीरहो सहसपत्त सयपत्तो ।
कूडसयो अट्ठुतरो, नगाहिराओ सहसकमलो ॥३॥

*૯ બાહુબલી, ૧૦ મરુદેવ, ૧૧ ભગીરથ, ૧૨ સહસ્રપત્ર, ૧૩ શતપત્ર, ૧૪ અષ્ટોત્તર શતકૂટ, ૧૫ નગાધિરાજ, ૧૬ સહસ્ત્રકમલ. ૩*

ढंको कोडिनिवासो, लोहिच्चो तालझओ कयंबुत्ति ।
सुरनरमुणिकयनामो, सो विमलगिरी जयउ तित्थं ॥४॥

*૧૮ ઢંક, ૧૮ કોડિનિવાસ, ૧૯ લોહિત્ય, ૨૦ તાલધ્વજ અને ૨૧ કદંબગિરિ એ જેનાં ૨૧ નામો દેવો, મનુષ્યો અને મુનિઓએ સ્થાપ્યા છે તે શ્રી વિમલગિરિતીર્થ જયવંત વર્તો. ૪*

रयणायर विवरोसहि, रसकुवजुआ सदेवया जत्थ ।
ढंकाई पंचकूडा, सो विमलगीरी जयउ तित्थं ॥५॥

*જેના ઢંક વગેરે પાંચ શિખરો દેવતાધિષ્ઠિત છે, અને રત્નની ખાણો, ગુફાઓ, ઔષધિઓઅને રસકુંપિકાઓથી યુક્ત છે તે શ્રી વિમલગિરિરાજ તીર્થ જયવંત વર્તો. ૫.*

जो अरयछ्गंमि असी, सत्तरि सट्ठी पन्नासबारजोअणए ।
सग रयणि वित्थिन्नो, सो विमलगिरी जयउ तित्थं ॥६॥

જે પહેલા આરાથી માંડી છઠ્ઠા આરા સુધીમાં અનુક્રમે ઘટતો ૮૦, ૭૦, ૬૦, ૫૦, ૧૨ યોજન અને ૭ હાથના વિસ્તારવાળો કહ્યો છે તે શ્રી વિમલગિરિરાજ જયવંત વર્તો. ૬

जो अट्ठजोयणुच्चो, पन्ना दस जोयणे अ मुलुवरिं ।
वित्थिन्नो रिसहज्जिणे, सो विमलगिरी जयउ तित्थं ॥७॥

જે શ્રી ઋષભદેવ ભગવાનના વારે આઠ યોજન ઉંચો, ૫૦ યોજન મૂળમાં અને ૧૦ યોજન ઉપર ભાગે વિસ્તીર્ણ હતો તે શ્રી વિમલગિરિરાજ જયવંત વર્તો. ૭.

जहिं रिसहसेणपमुहा, असंखतित्थंकरा समोसरिआ ।
सिद्धा अ सिद्धसेले, सो विमलगिरी जयउ तित्थं ॥८॥

જ્યાં ઋષભસેન પ્રમુખ અસંખ્ય તીર્થંકરો સમવસર્યા છે અને શ્રી સિદ્ધશૈલ ઉપર સિદ્ધ થયેલ છે તે શ્રી વિમલગિરિરાજ જયવંત વર્તો. ૮.

तह पउमनाहपमुहा, समोसरिस्संति जत्थ भाविजिणा ।
तं सिद्धखित्त नामं, सो विमलगिरी जयउ तित्थं ॥९॥

તેમજ પદ્મનાભ વગેરે ભાવિ તીર્થંકરો જ્યાં આવી સમવસરશે જેથી તેનું સિદ્ધક્ષેત્ર નામ પ્રસિદ્ધ છે એવા શ્રી વિમલગિરિરાજ જયવંત વર્તો .૯.

सिरिनेमिनाहवज्जा, जत्थ जिणा रिसहपमुह वीरंता ।
तेवीस समोसरिआ, सो विमलगिरी जयउ तित्थं ॥१०॥

વળી જ્યાં શ્રી નેમિનાથ ભગવાન વિના ઋષભદેવથી માંડી વર્ધમાન સ્વામી પર્યંત ૨૩ તીર્થંકરો સમવસર્યા છે, તે શ્રી વિમલગિરિરાજ તીર્થ જયવંત વર્તો. ૧૦.

मणिरुप कणय पडिमं, जत्थ रिसहचेईअं भरहविहिअं ।
स दुवीसजिणाययणं, सोस विमलगिरी जयउ तित्थं ॥११॥

જ્યાં ભરતચક્રવર્તી કરાવેલું ૨૨ જિનાલય સહિત શ્રી ઋષભદેવ ભગવાનનું ચૈત્ય મણિમય, સુવર્ણમય, અને રૂપામય પ્રતિમાઓથી અલંકૃત છે તે શ્રી વિમલગિરિરાજ જયવંત વર્તો. ૧૧.

बाहुबलिणा उ रम्मं, सिरि मरुदेवाइ कारिअं भवणं ।
जत्थ समोसरणजुअं, सो विमलगिरी जयउ तित्थं ॥१२॥

વળી જ્યાં બાહુબલિજીએ શ્રી મરુદેવા માતાનું મંદિર રમણીય અને સમવસરણ યુક્ત કરાવેલું છે તે શ્રી વિમલગિરિરાજ જયવંત વર્તો. ૧૨.

ओसप्पिणीइ पढमं, सिद्धो इह पढमचक्किपढमसुओ ।
पढमजिणस्स य पढमो, गणहारी जत्थ पुंडरिओ ॥१३॥

આ અવસર્પિણી કાળમાં જ્યાં સહુથી પ્રથમ ભરત ચક્રવર્તીના પહેલા પુત્ર અને પ્રથમ તીર્થંકર ભગવાનના પ્રથમ ગણધર મહારાજ શ્રી પુંડરીકસ્વામી સિદ્ધપદને પામ્યા છે. ૧૩.

चित्तस्स पुन्निमाए, समणाणं पंचकोडि परियरिओ ।
निम्मलजसपुंडरिअं, सो विमलगिरी जयउ तित्थं ॥१४॥

ચૈત્રી પૂર્ણિમાએ પાંચ ક્રોડ મુનિઓથી પરિવરેલા પુંડરીક સ્વામી જ્યાં નિર્મળ મોક્ષપદને પામ્યા છે, નિર્મલયશના કારણે શ્વેત કમળ જેવું તે શ્રી વિમલગિરિરાજ જયવંત વર્તો. ૧૪.

नमि विनमी खयरिंदा, सह मणिकोडीहिं दोहिं संजाया ।
जहिं सिद्धसेहरा सइ, सो विमलगिरी जयउ तित्थं ॥१५॥

નમિ અને વિનમિ વિદ્યાધરો બે ક્રોડ મુનિ સંગાથે જ્યાં સિદ્ધિપદને વર્યા છે. તે વિમલગિરિરાજ તીર્થ સદા જયવંત વર્તો. ૧૫.

सव्वट्ठसिद्ध पत्थड-अंतरिया पन्नकोडिलक्खुदही ।
सेढीहिं असंखाहिं, चउदस लक्खाइ संखाहिं ॥१६॥

जत्थाईच्चजसाई, सगरंता रिसहवंसज निरंदा।
सिद्धि गया असंखा, सो विमलगिरी जयउ तित्थं ॥१७॥

ચૌદ લાખ મોક્ષે જાય ત્યારે એકાદ સર્વાર્થસિદ્ધ વિમાનમાં જાય એવીરીતે ૫૦ લાખ કરોડ સાગરોપમ સુધી સૂર્યયશાથી માંડીને સગર ચક્રવર્તી પર્યંત ઋષભદેવના વંશના અસંખ્ય પાટ પરંપરામાં થયેલા અસંખ્ય રાજાઓ જ્યાં સિદ્ધિ પદને વર્યા છે, તે શ્રી વિમલગિરિરાજ તીર્થ જયવંત વર્તો. ૧૬-૧૭

वासासु चउम्मासं, जत्थ ठिआ अजिअसंतिजिणनाहो।
बिअ सोल धम्मचक्की, सो विमलगिरी जयउ तित्थं ॥१८॥

જ્યાં બીજા શ્રી અજિતનાથ અને સોળમાં ધર્મચક્રવર્તી શ્રી શાંતિનાથ વર્ષાઋતુમાં ચાતુર્માસ રહ્યા તે શ્રી વિમલગિરિરાજ તીર્થ જયવંત વર્તો. ૧૮.

दसकोडिसाहुसहिआ, जत्थ दविडवारिखिल्लपमुहनिवा।
सिद्धा नगाहिराए, जयउ तयं पुंडरियं तित्थं ॥१९॥

દ્રાવિડ અને વારિખિલ્લ વગેરે રાજાઓ દશક્રોડ સાધુ સંગાથે જે ગિરિરાજ ઉપર સિદ્ધિપદને પામ્યા તે શ્રી પુંડરીક તીર્થ જયવંત વર્તો. ૧૯.

जहिं रामाइ तिकोडी, इग नवई नारयाइ मुणि लक्खा।
जायाओ सिद्धराया, सो विमलगिरी जयउ तित्थं ॥२०॥

જ્યાં રામચંદ્ર વગેરે ત્રણક્રોડ સાધુઓ અને નારદ આદિ એકાણું લાખ સાધુઓ સિદ્ધ થયા તે શ્રી વિમલગિરિરાજ જયવંત વર્તો.૨૦.

नेमिवयणेण जत्ता-गएण जहिं नंदिसेण गणिवइणा।
विहिओ अजियसंति थओ, सो विमलगिरी जयउ तित्थं ॥२१॥

શ્રી નેમિનાથ પ્રભુની આજ્ઞાથી યાત્રાએ આવેલા નંદિષેણ નામના ગણધરે જ્યાં અજિતશાંતિ સ્તવન કર્યું તે શ્રી વિમલગિરિરાજ જયવંત વર્તો.૨૧.

पज्जुन्न संब पमुहा, कुमरवरा सड्ढअट्ठकोडिजुआ।
जत्थ सिवं संपत्ता, सो विमलगिरी जयउ तित्थं ॥२२॥

જ્યાં શાંબ અને પ્રદ્યુમ્ન પ્રમુખ શ્રેષ્ઠ કુમારો સાડાઆઠ ક્રોડ મુનિઓ સંગાથે શિવસંપદાને વર્યા તે શ્રી વિમલગિરિરાજ તીર્થ જયવંત વર્તો.૨૨.

अन्नेवि भरह सेलग, थावच्चासुअ सुआइ अस्संखा ।
जहिं कोडाकोडि सिद्धा, सो विमलगिरी जयउ तित्थं ॥२३॥

વળી ભરત, સેલગસૂરિ, થાવચ્ચાપુત્ર, અને શુકાચાર્ય વગેરે અસંખ્ય કોડાકોડ સાધુઓ સિદ્ધિપદને વર્યા તે શ્રી વિમલગિરિરાજ જયવંત વર્તો.૨૩.

अस्संखा उद्धारा, असंखपडिमाउ चेइआसंखा ।
जहिं जाया जयउ तयं, सिरि सत्तुंजय महातित्थं ॥२४॥

અસંખ્ય ઉદ્ધારો, અસંખ્ય પ્રતિમાઓ અને અસંખ્ય ચૈત્યો જ્યાં થયાં તે શ્રી વિમલગિરિરાજ જયવંત વર્તો.૨૪.

कयजिणपडिमुद्धारा, पंडवा जत्थ विसकोडिजुआ ।
मुत्तिनिलयंमि पत्ता, सो विमलगिरी जयउ तित्थं ॥२५॥

જેમણે જિનપ્રતિમાઓનો ઉદ્ધાર કર્યો એવા પાંચ પાંડવો ૨૦ ક્રોડ મુનિ સંગાથે જ્યાં મુક્તિપદને પામ્યા તે શ્રી વિમલગિરિરાજ જયવંત વર્તો.૨૫.

भरहकराविअ बिंबे, चिल्लचलाई गुहाठिअ नमंतो ।
जहिं होइ एगवयारी, सो विमलगिरी जयउ तित्थं ॥२६॥

જ્યાં ચિલણ તલાવડીની નજદીકમાં રહેલી દેવતાધિષ્ઠિત ગુફામાં બિરાજમાન કરેલી અને ભરતચક્રવર્તીએ કરાવેલી પ્રભુપ્રતિમાને નમસ્કાર કરનાર એકાવતારી થાય છે તે શ્રીવિમલગિરિરાજ તીર્થ જયવંત વર્તો.૨૬.

दहिफलफलय समीवे, अलक्खदेउलिपरीसरपएसे ।
सिवदारं पिव दारं, जीइ गुहाए विहाडेउं ॥२७॥
अट्ठम तवेण तुट्ठो, कवडी जक्खो जहिं भरह पडिमा ।
वंदावई जयउ तयं, सिरि सत्तुंजय महातित्थं ॥२८॥

દધિફલ (કોઠાનાં) વૃક્ષ સમીપે અને અલખ્ખ દેવડીની નજદીકમાં રહેલી તે દેવતાધિષ્ઠિત ગુફાનું મોક્ષદ્વારના જેવું દ્વાર ઉઘાડીને અઠ્ઠમ તપથી તુષ્ટમાન થયેલો કપર્દીયક્ષ જ્યાં ભરતમહારાજે કરાવેલી પ્રભુપ્રતિમાને વંદાવે છે તે શ્રી શત્રુંજય મહાતીર્થરાજ જયવંત વર્તો. ૨૭-૨૮

संपइ विक्कम बाहड, हाल पलित्ताम दत्तरायाइ ।
जं उद्धरिहंति तयं, सिरि सत्तुंजय महातित्थं ॥२९॥

*સંપ્રતિ, વિક્રમ, બાહડ, હાલ, પાદલિપ્ત, આમ અને દત્તરાજા વગેરે જેનો ઉદ્ધાર કરનાર થશે એવા શ્રી શત્રુંજય મહાતીર્થરાજ જયવંત વર્તો. ૨૯.*

जं कालयसूरि पुरो, सरइ सुदिट्ठी सया विदेहे वि ।
इणमिअ सक्केणुत्तं, तं सत्तुंजय महातित्थं ॥३०॥

*મહાવિદેહક્ષેત્રમાં પણ સમ્યગ્દષ્ટિજનો જેનું સદા સ્મરણ કરે છે એવી હકીકત શક્રેન્દ્રે કાલિકસૂરિની પાસે જણાવી છે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો. ૩૦.*

जावडबिंबुद्धारे, अणुपमसरमजिअचेइअट्ठाणे ।
जहिं दोहि जयउ तयं, सिरि सत्तुंजय महातित्थं ॥३१॥

*જાવડશાએ કરાવેલા ચૈત્ય ઉદ્ધાર સમયે અજિતનાથ સ્વામીના ચૈત્યની પાસે જ્યાં અનુપમ સરોવર નિર્માણ કરવામાં આવશે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો.૩૧.*

मरुदेविसंतिभवणं उद्धरिही जत्थ मेहघोस निवो ।
कक्कि पपुत्तो तं इह, सिरि सत्तुंजय महातित्थं ॥३२॥

*જ્યાં કલ્કી રાજાના પુત્રનો પુત્ર મેઘઘોષરાજા મરુદેવી માતાના તથા શ્રી શાંતિનાથ ભગવાનના મંદિરનો ઉદ્ધાર કરશે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો.૩૨.*

पच्छिम उद्धारकरो, जस्स विमलवाहणो निवो होही ।
दुप्पसह गुरुवएसा, तं सेत्तुंजय महातित्थं ॥३३॥

*શ્રી દુપ્પસહસૂરીશ્વરજીના ઉપદેશથી વિમલવાહન રાજા જેનો છેલ્લો ઉદ્ધાર કરાવશે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો.૩૩.*

वुच्छिन्ने विअ तित्थे, होही पूयजुयमुसहकूडं ।
जा पउमनाहतित्थं, तं सत्तुंजय महातित्थं ॥३४॥

*જ્યારે તીર્થનું માન બીલકુલ ઘટી જશે, અર્થાત્ પ્રમાણમાં તે બહુ જ અલ્પ રહેશે, અને વર્તમાન મહાવીર ભગવાનના શાસનનો પણ વિચ્છેદ થશે, ત્યારે પણ ભાવિ પદ્મનાભ પ્રભુના શાસન સુધી જેનું ઋષભકૂટ (મુખ્ય શિખર) તો (દેવાદિકથી) પૂજાતું જ રહેશે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો. ૩૪.*

पायं पावविमुक्का, जत्थ निवासी अ जंति तिरिआ वि।
सुगईए जयउ तयं,सिरि सत्तुंजय महातित्थं ॥३५॥

*જેમાં નિવાસ કરતાં તિર્યંચો પણ પ્રાયઃ પાપરહિત થયા છતાં સદ્ગતિ પામે છે એવું શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો. ૩૫.*

जस्स सयाई कप्पे, वक्खए झाइए सुए सरिए।
होइ सिवं तइअ भवे, तं सत्तुंजय महातित्थं ॥३६॥

*જે તીર્થના મુખ્ય કલ્પનું નિરંતર વ્યાખ્યાન, ધ્યાન, શ્રવણ કે સ્મરણ કરવાથી ત્રીજે ભવે મોક્ષ થાય છે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો. ૩૬.*

जल जलण जलहि रण वण हरि करि विस विसहराइ दुट्ठभयं।
नासइ जंनामसुई, तं सत्तुंजय महातित्थं ॥३७॥

*જેના નામનું શ્રવણ (કે સ્મરણ) જળ, અગ્નિ, સમુદ્ર, રણ, વન, સિંહ, હાથી, વિષ, અને વિષધર આદિના દુષ્ટ ભયનો નાશ કરે છે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો. ૩૭*

इय भद्दबाहुरइआ, कप्पा सत्तुंजतित्थमाहप्पं।
सिरिवयरपहुद्धरिअं, जं पालित्तेण संखेविअं ॥३८॥

*શ્રી ભદ્રબાહુસ્વામીએ રચેલા કલ્પમાંથી શ્રી શત્રુંજયતીર્થનું માહાત્મ્ય શ્રી વજ્રસ્વામી મહારાજે ઉદ્ધર્યું અને શ્રી પાદલિપ્તસૂરિએ તેને સંક્ષેપ્યું. ૩૮.*

***तं जह सुअं थुअं मे, पढंत निसुणंत संभरंताणं।***
***सत्तुंजकप्पसुत्तं, देउ लहुं सतुंजयसिद्धिं ॥३९॥***

**શત્રુંજય કલ્પસૂત્ર જેવું મે સાંભળ્યું તેવું જ કહ્યું છે, ભણનાર, સાંભળનાર અને સ્મરણ કરનારને શ્રી શત્રુંજયકલ્પસૂત્ર જલદી શત્રુના જયરૂપ સિદ્ધિને આપો.૩૯.**

શાશ્વત ગિરિરાજની યાત્રાએ પધારનારા યાત્રિકભાઈ બહેનો માટે

## સંકલ્પ પત્ર

ચૌદ રાજલોકમાં શિરોમણી પરમ પાવન શાશ્વત, તિર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજની આશાતનાથી બચવા હું સંકલ્પ કરૂ છું કે .....

- પાલીતાણામાં રાત્રીભોજન કરીશ જ નહી.
- પાલીતાણામાં અભક્ષ્ય પદાર્થો. હોટલ અને લારીઓનો ત્યાગ કરીશ અને ભાતા ઘરમાં જ વાપરીશ.
- પાલીતાણામાં પાન, માવા, સિગારેટ, દારૂ જેવા વ્યસનોનું સેવન કરીશ નહી.
- પાલીતાણામાં ઉદ્દભટ વસ્ત્રો પહેરીશ નહી અને અસભ્ય ભાષા વાપરીશ નહી.
- પાલીતાણામાં સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરીશ.
- ખુલ્લા પગે, મૌનપણે, થોડું અજવાળું થયા બાદ ઈર્યા સમિતિનું પાલન કરતા કરતા યાત્રા કરીશ.
- શક્ય હોય તો ડોળીનો ઉપયોગ કરીશ નહી તથા સામાન ઉચકવા કે ટેકા માટે મજૂર કરીશ નહી.
- યાત્રા દરમ્યાન મોબાઈલનો સદંતર ઉપયોગ કરીશ નહી અને અસભ્ય વર્તન કરીશ નહી.
- ગિરિરાજ ઉપર કોઈપણ જાતનો કચરો ફેકીશ નહી. પેશાબ, બાથરૂમ વગેરે અશુચિ કરીશ નહી.
- ઘેટીના પગલાનો વિસ્તાર પણ ગિરિરાજનો ભાગ હોવાથી ત્યાં કંઈપણ ખાઈશ નહી અને બાથરૂમનો ઉપયોગ પણ કરીશ નહી.
- હંમેશા નવટૂંક સહિત સંપૂર્ણ ગિરિરાજની યાત્રા કરીશ.
- પરમ પાવન ગિરિરાજની પવિત્રતા અને ગરિમાને ડાઘ લાગે એવું એક પણ વર્તન કરીશ નહી.

આવતી ચોવીશીના ૨૪ તીર્થંકર ભગવંતો જ્યાં નિર્વાણ પામવાના છે
એ પરમ કલ્યાણમયી પાવન ભૂમિ
તીર્થાધિરાજ શ્રી ગિરનાર મહાતીર્થની પ્રથમ ટૂંકે
શ્રી નેમનાથ ભગવાનના જિનલાયના ઉત્તુંગ શિખર ઉપર
તથા અન્ય શિખરો ઉપર સ્વર્ણરસિત ધ્વજદંડ સ્થાપન પ્રસંગે
આયોજિત મહોત્સવ કાર્યક્રમ

- તા.૦૨-૦૫-૧૯ ચૈત્ર વદ-૧૩ ગુરૂવાર સવારે કુંભસ્થાપના, અખંડ દીપક સ્થાપન તથા જ્વારારોપણ.
- તા.૦૩-૦૫-૧૯ ચૈત્ર વદ-૧૪ શુક્રવારથી તા.૦૭-૦૫-૧૯ વૈશાખ સુદ-૩ મંગળવાર સુધી દરરોજ સવારે સ્નાત્રપૂજા.
- તા.૦૮-૦૫-૧૯ વૈશાખ સુદ-૪ બુધવાર સવારે ૭-૦૦ કલાકે લઘુ નંદ્યાવર્ત પૂજન, ૯-૩૦ કલાકે શ્રી નવગ્રહ, દિશદિક્પાલ, અષ્ટમંગલ પાટલા પૂજન તથા બપોરે વિજય મુહૂર્તે ૧૨-૩૯ કલાકે ધ્વજદંડ અને કળશના અભિષેક.
- તા.૦૯-૦૫-૧૯ વૈશાખ સુદ-૫ ગુરૂવાર સવારે (શ્રી નેમિનાથ ભગવાનના પ્રક્ષાલ પછી) શ્રી નેમિનાથ ભગવાન પંચ કલ્યાણક પૂજા.
- તા.૧૦-૦૫-૧૯ વૈશાખ સુદ-૬ શુક્રવાર શુભ મુહૂર્તે સવારે ૧૧-૦૦ કલાકે ધ્વજદંડ તથા કળશ પ્રતિષ્ઠા મહોત્સવ તથા બપોરે વિજય મૂહુર્તે ૧૨.૩૯ કલાકે લઘુ શાંતિસ્નાત્ર પૂજન.
- તા.૧૧-૦૫-૧૯ વૈશાખ સુદ-૭ શનિવાર સવારે (શ્રી નેમિનાથ ભગવાનના પ્રક્ષાલ પછી) સત્તરભેદી પૂજા.

વિધિકારક :- શ્રી દિનેશભાઈ શેઠ (જૂનાગઢ) :

નિવેદક :શેઠ દેવચંદ લક્ષ્મીચંદ :વહીવટ કર્તા : શેઠ આણંદજી કલ્યાણજી

## શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટને જોઈએ છે

**મેનેજર/આસી.મેનેજર** :- ઉંમર ૪૦ વર્ષથી વધુ-ગ્રેજ્યુએટ-ધાર્મિક કે સામાજીક સંસ્થાનો ૫ વર્ષથી વધુ વહિવટી અનુભવ - સરકારી/બિનસરકારી સંસ્થાઓના કામકાજના જાણકાર. કોમ્પ્યુટર જાણકાર, ધર્મશાળા-ભોજનશાળાના વહીવટ સંભાળી શકે તેવા, જૈન તીર્થસ્થાનોમાં રહી ફરજ બજાવી શકે તેવા ઉમેદવાર.

**સુપરવાઈઝર/ક્લાર્ક** :- ઉંમર ૨૫ વર્ષથી વધુ - ગ્રેજ્યુએટ-અંગ્રેજી, ગુજરાતી, હિન્દી કોમ્પ્યુટર ટાઈપીંગ, એકાઉન્ટના તથા કોમ્પ્યુટરના જાણકાર, જૈન તીર્થસ્થાનોમાં રહી ફરજ બજાવી શકે તેવા ઉમેદવાર.

**પૂજારી** :- ઉંમર ૨૨થી વધુ - જૈન દેરાસરમાં પૂજારીની કામગીરીના અનુભવી, સેવાપૂજા, આંગી, ભોજકની કામગીરીના જાણકાર, બહારગામ રહી શકે તેવા,

ઉપરોક્ત તમામ જગ્યા માટે જૈન ધાર્મિક સિધ્ધાંતો, પ્રણાલિકાઓની જાણકારી ધરાવનારને અગ્રતા આપવામાં આવશે.

અજરદારે અભ્યાસ, અનુભવ વિગેરેની નકલો સાથે નીચેના સરનામે અરજી કરવી.

શેઠ આણંદજી કલ્યાણજી (ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ)
'સહુને આનંદ સહુનું કલ્યાણ'
"શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન"
૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

## તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટના સંપર્ક સૂત્રો :


શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૪૪૫૦૨ - ૨૬૬૪૫૪૩૦
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)
Telefax : 079 - 2660 8244
E-mail : shree_sangh@yahoo.com

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં,
ઝવેરીવાડ, અમદાવાદ - ૩૮૦૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

મુંબઈ બ્રાંચ
શેઠ આણંદજી કલ્યાણજી
૧૦૦૧, ૧૦મે માળ, મેજેસ્ટીક શોપીંગ સેન્ટર, ૧૧૪, જે.એસ.એસ. રોડ,
ગિરગામ ચર્ચ નજીક, ગિરગામ, મુંબઈ-૪૦૦૦૦૪. ટે.નં. ૦૨૨-૨૩૮૦૮૦૪૮
(રકમ ભરવાનો સમય) સવારે ૧૧.૦૦ થી ૧.૩૦ બપોરે ૨.૦૦ થી ૬.૦૦
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા. પીન નં. ૩૬૪૨૭૦
ટેલિ.નં. : ૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬
ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૩૪૮
સમય : સવારે ૯ થી ૧૨-૩૦, બપોરે ૨-૩૦ થી ૭-૦૦

'શ્રી આણંદજી કલ્યાણજી' ત્રૈમાસિક પત્ર સંબંધી
તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@gmail.com

'દયા ધર્મનું મૂળ છે'

# શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ



## શ્રી છાપરીયાળી પાંજરાપોળ

(સ્થાપના વિ.સ. ૧૯૦૮ ઈસ્વી. ૧૮૫૨)
અનેક અબોલ જીવોનો વિસામો

**જીવદયા પ્રતિપાલક યોજનામાં રૂા. ૯૦૦૦/-ના વાર્ષિક અનુદાનથી જોડાઓ અને જીવોના પાલક બનો.**

રોજના ફક્ત રૂા. ૨૫/- જેવી નાની રકમનું યોગદાન આપીને છાપરીયાળી પાંજરાપોળની દૈનિક નિભાવ ફંડ યોજનામાં લાભ લો અને ઘેર બેઠા રોજ ૧ પશુને તમારા તરફથી ઘાસચારા નીરણનો અમૂલ્ય લાભ મેળવો !!

જીવોના અભય દાતા બનો. દયા તમામ ધર્મોનું મૂળ છે. આજે જ પરિવારના દરેક વ્યક્તિ અથવા સંપૂર્ણ પરિવાર વતી રૂા. ૯૦૦૦/-નું પાંજરાપોળને દાન કરી લાભ લો !!

પાંજરાપોળની કોઈપણ યોજનામાં લાભ લેવા માટે
આ રકમ ચેકથી પેઢીના સરનામે મોકલી શકો છો અથવા
STATE BANK OF INDIA (જેસર બ્રાંચ)ના સેવિંગ્સ
A/C 56022001345 માં (IFSE CODE - SBIN0060022)
જમા કરાવીને સ્લીપની કોપી પેઢીના સરનામે મોકલવાથી
રસીદ આપને મોકલી આપવામાં આવશે.

શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ
મુ. પો. છાપરીયાળી, વાયા : જેસર - ૩૬૪૫૧૦. જી. ભાવનગર.
ફોન : (૦૨૮૪૪) ૨૯૦૨૪૫ / ૨૯૦૨૪૬

અંક-૧૩

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

MISSION 500
SUVARNA MAHOTSAV CELEBRATION

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬
સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

BOOK - POST

*To,*

**શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**

**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,**
**નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.**
**E-mail : anandkalyanmagazine@gmail.com**